# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-09-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કૃષિમંત્રીની અતિવૃષ્ટી અસરગ્રસ્ત માખેલની મુલાકાત

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આજરોજ રાપર તાલુકાના અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત માખેલ ગામની મુલાકાત લઈને ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. કૃષિ મંત્રીશ્રીએ કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં અતિવૃષ્ટિ બાદ પાકની સ્થિતિ અંગે ખ્યાલ મેળવ્યો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલા સહિત ઉચ્ચ અધિકારીઓએ ભારે વરસાદથી કૃષિ નુકસાન અને હાલની સ્થિતિ અંગે મંત્રીશ્રીને અવગત કર્યા હતા. કૃષિ મંત્રીશ્રીએ પાક નુકશાની અંગે જાણકારી મેળવી હતી. રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોના હિત માટે પ્રતિબદ્ધ રહી છે તેમ કૃષિમંત્રીશ્રીએ સરવે બાદ નિયમોનુસાર ઝડપથી સહાય અપાશે તેમ જણાવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા અભિયાન

“સ્વચ્છતા હી સેવા” અભિયાન અન્વયે ભચાઉ, રાપર, ગાંધીધામ, નલિયા, અબડાસા, માંડવી, અંજાર, નખત્રાણા, ભુજ સહિતના તાલુકાના ગામોમાં તાલુકાકક્ષાના મહાશ્રમ દાનના કાર્યક્રમો ગ્રામ્યસ્તરે યોજાયા હતા. "એક દિન, એક ઘંટા, એક સાથ” પહેલ અંતર્ગત સામૂહિક સફાઈની ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં ગ્રામ પંચાયતો, સરકારી વિભાગો, રહેણાંક વિસ્તારો અને સ્લમ વિસ્તારોની સફાઈ, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્રો, બાગ-બગીચાઓ, ફૂટપાથ, રસ્તાઓની સફાઇ સહિતની કામગીરી હાથ ધરાઇ હતી.

સુખપર, ભારાપર, આશાપર, કરમરિયા, નાગલપર, કારાઘોઘા, કાઠડા, કુકમા, પાન્ધ્રો, વોંધ, મીઠીરોહર, મોમાઈમોરા, દયાપર, ગવરીપર, વરસામેડી સહિતના ગામડાઓમાં રોડ-

રસ્તા, ધાર્મિક અને પ્રવાસન સ્થળો, નદી, તળાવો, ગામના રસ્તાઓમાં સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## સ્વસ્થ નારી સશક્ત પરિવાર : કચ્છ

સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયું અંતર્ગત કટારીયા, સુખપર, રામપર, દયાપર, સામખીયાળી ગામ અને ભચાઉ તથા રાપર પાલિકા ખાતે આરોગ્ય શિબિર યોજાઇ હતી.

આરોગ્ય શિબિરમાં નગરપાલિકા કર્મચારીઓની ફીટનેશ સાથે મહિલાઓના આંખ, બ્લડ પ્રેશર, બ્લડ શુગર અને ડેન્ટલ ચેક-અપ, કેન્સરની ચકાસણી, રસીકરણ સેવાઓ, ગર્ભવતી મહિલાઓની પૂર્વ પ્રસૂતિ તપાસ, , સિકલ સેલ એનિમિયા સહિતની ચકાસણી કરવામાં આવી હતી. દયાપર ખાતે ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયેલા મેડીકલ કેમ્પનો બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

---------------------------------------------------------------------------------

## કચ્છ યુનિમાં વ્યાખ્યાન

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મજયંતીના અમૃત પર્વની ઉજવણીના ભાગરૂપે વ્યાખ્યાન યોજાયું હતું. સ્વદેશીથી વિકસિત ભારત વિષય પર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય તથા રામકૃષ્ણ ટ્રસ્ટના વડા મનોજભાઇ સોલંકીએ જીવનના દરેક ક્ષેત્રે સ્વદેશી વસ્તુઓ અપનાવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ કુલપતિ ડો. મોહન પટેલે આ અભિયાનને અપનાવવાના ફાયદાઓ જણાવી દરેક ક્ષેત્રમાં સ્વાવલંબિત થવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------

## નવરાત્રિની ઉજવણી

આદ્યશક્તિની આરાધનાના પર્વ એવા નવરાત્રીની સમગ્ર કચ્છમાં ધાર્મિક ઉજવણી થઇ રહી છે. ભુજ, ગાંધીધામ, માંડવી જેવા શહેરોમાં સંસ્કૃતિક કાર્યક્રમો, ગરબા રાસ અને પાર્ટી પ્લોટમાં નવરાત્રી યોજાઈ રહી છે. આજે ચોથો નોરતો છે, યુવાવર્ગ ખૂબ ઉત્સાહથી ભાગ લઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ પરંપરાગત રીતે માતાજીની પૂજા અને લોકગીતો સાથે ઉજવણી થઈ રહી છે. મહીલાઓ ઢોલના તાલે ગરબા રમે છે અને નવરાત્રિના નવ દિવસ વિશેષ ભક્તિભાવ જોવા મળે છે. સમગ્ર જિલ્લામાં હર્ષોલ્લાસ અને આસ્થાનું વાતાવરણ છવાયું છે.

--------------------------------------------------------------------------------

## કચ્છના કારીગરોની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત

રાષ્ટ્રીય હાથવણાટ અને સંત કબીર પુરસ્કાર વિજેતાઓની રાષ્ટ્રપતિ ભવનમાં દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મું સાથે બેઠક યોજવામાં આવી હતી. સંસ્થાન નારાયણપુરમ મંડળમાં રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાઓમાં કચ્છી પુરસ્કાર જીતનારા મશરૂમ કળાના કારીગર ભોજરાજ ધોરિયા અને ખરડ કળાના કારીગર સામત તેજશી સાથે 19 અન્ય કારીગરોએ હાજરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2024માં મશરૂમકામ માટે માંડવી તાલુકાના ડોણ ગામના ધોરિયા ભોજરાજ દામજીને અને ખરડ કળા માટે મૂળ કુરન હાલે કુકમાના સામત તેજશી અને કચ્છી હસ્તકલાની શાલ માટે ભુજોડીના દીનાબેન રમેશ ખરેડને રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા હતા.

--------------------------------------------------------------------------------

## વિકસીત ભારત યુવા લીડરશિપ

ભારત સરકારના યુવા કાર્યક્રમો અને રમતગમત વિભાગ દ્વારા `મેરા યુવા ભારત' અંતર્ગત વિકસિત ભારત યુવા લીડરશિપ-2026નું આયોજન કરાયું છે. આ આયોજનના આરંભે રાષ્ટ્રવ્યાપી ઓનલાઇન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અંતિમ તારીખ 15મી ઓક્ટોબર છે. ધોરણ 12 કે પછી ઉચ્ચ અભ્યાસ કરતા યુવાનો આ

સ્પર્ધામાં ભાગ લઇ શકશે. કચ્છના યુવાનોને આ સ્પર્ધામાં ભાગ લેવા જિલ્લા યુવા અધિકારીએ અનુરોધ કર્યો છે.

------------------------------------------------------------------------------------------

## ભુજ એરફોર્સ સ્ટેશનમાં શસ્ત્ર પ્રદર્શન યોજાશે

આગામી 4 ઓક્ટોબરના ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે `નો યોર ફોર્સિસ' અને `એરફોર્સ-ડે'ની ઉજવણીના ભાગરૂપે વાયુસેનાના વિવિધ શસ્ત્રોનું સ્ટેટિક પ્રદર્શન યોજાશે. દેશના નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાઓ પ્રેરણા મેળવી શકે તે હેતુથી વાયુસેનાની વિવિધ શત્રીય ક્ષમતાનું પ્રદર્શન ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે કરવામાં આવશે. આ સ્ટેટિક પ્રદર્શનમાં એરફોર્સના વિવિધ અત્યાધુનિક સાધનોથી નાગરિકોને માહિતગાર કરવામાં આવશે. આ પ્રદર્શનમાં ભારતીય વાયુસેના દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા રોહિણી રડાર, ગરૂડ ફોર્સિસ ઈક્વિપમેન્ટ, પી-19 રડાર અને પેચોરા મિસાઈલ આકર્ષણનું કેન્દ્ર બનશે, એવું એરફોર્સ સ્ટેશન ભુજની યાદીમાં જણાવાયું છે.

------------------------------------------------------------------------------------------